ચિલોડા-નરોડા હાઈવે પરથી દારૂ-બિયર ભરેલી કાર પકડાઈ

હરિની દૃષ્ટિ...

તમને લાભ ન મળે તો ગભરાઈશ નહીં... તમને અતિ વિશિષ્ઠ લુપ્ત થતી જાતિમાં સમાવવી પડશે... અને ભવિષ્યની સરકાર તમને બચાવવા પ્રયત્ન કરશે...!

ફીક્સ પગારદારોની વધતી સમસ્યાઓ

ગાંધીનગર, તા. ૧૮

કેન્દ્ર સરકાર દ્વારા ઘરકામ કરનારાઓના હિત જાળવવા નવા સુધારાઓ સાથે નવી રાષ્ટ્રીય નીતિ જાહેર થનાર છે. જેમાં ફુલટાઈમ ઘરકામ કરનાર ઘરઘાટીને દર મહિને રૂ. ૯,૦૦૦ જેવો પગાર ચુકવવાની જોગવાઈ કરાઈ છે. કેન્દ્રમાં ઘરઘાટીને રૂ. ૯,૦૦૦ના પગાર ચુકવવા જેવી નિતી અમલમાં લાવનાર પી.એમ. જ્યારે રાજ્યમાં સીએમ હતા ત્યારે સરકારી કર્મચારીઓને ફીક્સ પગારમાં મુકીને હાલ રૂ. ૭૧૦૦નો ફીક્સ પગાર ચુકવાય છે. આમ ઘરઘાટીને ઉચ્ચ વેતનની હિમાયત કરનારે ફીક્સ પગારદારોની ધરાર અવગણના કરી નાખી છે જેથી કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

કેન્દ્ર સરકારે ઘરઘાટીને દર મહિને રૂ. ૯,૦૦૦ પગાર આપવાની સાથે અનેક લાભો મળે તેવી નવી રાષ્ટ્રીય નીતિ અમલમાં મુકવાની તૈયારી કરી છે. જ્યારે રાજ્યમાં હાલ ફીક્સ પગારધારકોને રૂ. ૭,૧૦૦ પગાર ધોરણ ચુકવીને ઘરઘાટીથી પણ નિમ્નકક્ષામાં મુકી દીધા છે. વધુમાં આ ફીક્સ વેતન ધારકોને પેન્શન, ફાજલ રક્ષણ જેવા અનેક મળતા લાભોથી પણ વંચિત રખાયા છે. જેથી સીએમમાંથી પીએમ બનેલા રાજકીય નેતાની બેધારી નીતિથી ફીક્સ વેતનધારકોમાં અસંતોષની લાગણી ઉભી થઈ છે. ઘરઘાટીને સામાજીક સુરક્ષા, જાતીય તસામણી સામે રક્ષણ, વેઠિયા મજુરી સામે સુરક્ષા, શિક્ષણ સહાય, સુરક્ષિત કામકાજનું વાતાવરણ, તેમજ માલિકો ઘરઘાટીને નોકરીમાંથી કાઢી મુકી શકે નહી જેવી મહત્વની જોગવાઈઓ આ નિતીમાં રાખવામાં આવી છે.

જ્યારે રાજ્ય સરકારમાં નોકરી કરતાં વિદ્યાસહાયકો તથા અન્ય કર્મચારીઓને તમામ લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. વધુમાં નોકરીનું સ્થળ દુર હોય તો ભાડાના મકાન કે આવનજાવનનો ખર્ચ પણ કરવો પડે છે. લગ્ન થયેલ હોય અને એક બાળક હોય ત્યારે ત્રણ વ્યક્તિનું ભરણપોષણ પણ આ ફીક્સ વેતનમાં થઈ શકતુ નથી અને પૂર્ણ પગારની માંગણી અન્વયે હાઈકોર્ટ દ્વારા પણ ચુકાદો અપાયો છે. છતાં રાજ્ય સરકાર અમલ કરતી નથી. તો બીજી તરફ ગુજરાતના વતની અને પીએમ બનેલા આપણા રાજકીય નેતાને ઘરઘાટીની ચિંતા ઉભી થતાં રાજ્યના ફીક્સ વેતનધારકોમાં કામગીરી પ્રત્યે પણ લગાવ ન રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. વિદ્યાસહાયકો આવનારી પેઢીને શ્રેષ્ઠ શિક્ષણ પિરસીને દેશના નિર્માણમાં નિપુણ યુવાધન ઉભુ કરવા પ્રયત્નશીલ છે ત્યારે કેન્દ્ર સરકારની ઘરઘાટીની ચિંતા એ આ વિદ્યાસહાયકો પોતાને કચરા-પોતુ લાયક પણ ન ગણતા રાજ્યમાં ફીક્સ વેતન ધારકોમાં રોષ ભભુકીને આંદોલનના એંધાણ માંડ્યા છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં કમળો, ટાઈફોઈડના છુટા છવાયા કેસોએ દેખા દીધી છે ત્યારે તંત્રએ સ્વાઈન-ફ્લુ માટે પણ સતર્ક રહેવા તબીબી અધિકારીઓને તાકીદ કરી છે.

● ગાંધીનગર અક્ષરધામ ખાતે હાલ ઉપનિષદ પર પ્રિય સ્વરૂપદાસ સ્વામીની સત્સંગ કથા શ્રાવણ માસ અંતર્ગત ચાલી રહેલ છે.

● આગામી ૬ઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સ્વામિનારાયણ ગુરૂકુળના પૂર્વ વિદ્યાર્થીઓનો એક સ્નેહમિલન સમારોહ યોજવામાં આવ્યો છે.

● અબુધાબીમાં મંદિર માટે જગ્યા ફાળવવાના નિર્ણયની જાહેરાતની યશ ખાટવાની વૃત્તિ અંગે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ ટીકા કરતાં જણાવ્યું છે કે દુબઈમાં શ્રીનાથજીની હવેલી, ગુરૂદ્વારા અને શિવમંદિર છે જ પણ પ્રધાનમંત્રીને ખબર નહિ હોય.

● જિલ્લા પંચાયતમાં જુનિયર ક્લાર્કની પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી હવે પ્રમાણપત્ર ચકાસણીની કામગીરી સંપન્ન થઈ છે. એકાદ સપ્તાહમાં નિમણુંક પત્ર આપવાની કામગીરી હાથ ધરાશે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે ખંડીય વૃષ્ટિનો અનુભવ જિલ્લાની જનતાને થયો છે. કોબા સાબરમતી વચ્ચે જોરદાર વરસાદ હતો તો ઘ-૫ પાસે પણ સારૂ એવુ ઝાપટુ પડ્યુ તો સે. ૭, ૮, ૬, ૫, ૧, ૨ માં હળવુ ઝાપટુ પડ્યું હતું. જ્યારે જીઆઈડીસીનો વિસ્તાર લગભગ કોરોધાકોર રહ્યો હતો.

ચિલોડા-નરોડા હાઈવે પરથી દારૂ-બિયર ભરેલી કાર પકડાઈ

ડભોડા પોલીસે પીછો કરતા બુટલેગરે રોડની સાઈડમાં કાર ઉતારી મુકી : આરોપી ફરાર : ૪.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત

ચિલોડા-નરોડા હાઈવે પરથી દારૂ-બિયર ભરેલી એસેન્ટ કાર પસાર થવાની હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસ વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમી વાળી કાર આવે તે પહેલા તેના પાયલોટીંગમાં એક્ટીવા લઈને નીકળેલો શખ્સ પોલીસ જોઈને એક્ટીવા મુકી ભાગી ગયો હતો. પાછળ એસેન્ટ આવતા તેને રોકવા પ્રયત્ન કર્યો પરંતુ બુટલેગરે ગાડી રોડ નીચે ઘુસાડી દઈને અંધારામાં રફ્ફુચક્કર થઈ ગયો હતો. ડભોડા પોલોસી ગાડી એક્ટીવા અને દારૂ-બિયર મળીને કુલ રૂ. ૪.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમ ગઈકાલે મોડી સાંજે બાતમીને આધારે મોટા ચિલોડા-નરોડા હાઈવે પર વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી દારૂ-બિયર ભરેલી કાર આવે તે પહેલા એક એક્ટીવા પર પાઈલોટીંગ કરતો શખ્સ આવ્યો..! પોલીસને જોઈને તે શખ્સ એક્ટિવા મુકીને ભાગી ગયો હતો. થોડી જ વારમાં એસેન્ટ લઈને આવેલા શખ્સને પોલીસે બેરીકેટીંગ અને આડશો મુકીને રોકવાનો પ્રયાસ કરતા તે કાર ચાલકે કાર રોડની નીચે ઉતારીને બેફામ ગતિએ ભગાડી મુકી હતી. પોલીસે તેનો પીછો કર્યો દરમ્યાન નેશનલ હાઈવે નં. ૮ પરથી સામેથી ટ્રક આવતા કાર ચાલકે કાર રોડની સાઈડની ચોકડીમાં ઉતારી મુકી હતી અને અંધારાનો લાભ લઈને તે ફરાર થઈ ગયો હતો. પોલીસે કાર તપાસતા તેમાંથી ૨૪૦ નંગ વ્હીસ્કીની બોટલો અને ૨૧૬ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે એક્ટીવા, એસેન્ટ કાર અને દારૂ-બિયર મળીને મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

નદીના પટમાં મંદિર કે પૌરાણિક અવશેષ અંગે શ્રદ્ધાળુઓમાં અવઢવ

ગાંધીનગરના અતિ પ્રાચીન ધોળેશ્વર મહાદેવ મંદિર નજીક સાબરમતી નદીના પટમાં ધોવાણ થવાથી મંદિરનો ઘુમ્મટ દેખાયાના અહેવાલના પગલે અનેક શ્રદ્ધાળુઓ જાત તપાસ કરવા ઉમટી પડ્યા હતા. ધોળેશ્વર મહાદેવના મહંત રામસ્વરૂપદાસજી મહારાજે નદીમાં અનેકવાર ખંડિત મૂર્તિઓ જે અગાઉ પધરાવી દેવામાં આવી હોય તે તણાઈ આવે છે તેનો ઉલ્લેખ કરતા આ પણ ક્ષતિગ્રસ્ત પૌરાણિક મંદિરનો ઘુમ્મટ તણાઈને આવેલો હોય તેવી શક્યતા દર્શાવી હતી. તેમના મતે નદીના વહેણમાં પૌરાણિક અવશેષો તણાઈ આવવાની અનેકવાર ઘટના બની છે. પરંતુ આ ઘુમ્મટ મંદિરનો છે કે માત્ર અવશેષ તે ખોદકામ થાય તો જ ખબર પડે તેવો મત વ્યક્ત કર્યો હતો. જો કે આજે શ્રાવણિયો સોમવાર હોવાથી અનેક શ્રદ્ધાળુઓ ધોળેશ્વર મહાદેવના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. જેઓ નદીના પટમાં જઈને ઘુમ્મટ જોઈ અનેક તર્ક-વિતર્ક વ્યક્ત કરતા હતા.

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ચાર રસ્તા પર આડેધડ વાહન પાર્કિંગ, રસ્તા વચ્ચે નડતરરૂપ દબાણકર્તાઓ પર એ.એસ.પી. કરણરાજ વાઘેલાએ સપાટો બોલાવ્યો હતો. જેના પગલે વાહનચાલકો અને દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

બળદેવજી ઠાકોરની પ્રદેશ કક્ષાએ નિમણુંક

ગાંધીનગર, તા. ૧૮

છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતના શાસનમાં ભાંગરો વાટતી ભારતીય જનતા પાર્ટીના ગઢને ધ્વસ્ત કરવાના મક્કમ નિર્ધાર સાથે 'નવસર્જન ગુજરાતની થીમ ઉપર પ્રજાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓને ફળીભૂત કરવા માટે તેમજ સમગ્ર રાજ્યમાં કોંગ્રેસ પક્ષના સંગઠનને ચેતનવંતુ અને જોમવંતુ બનાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી ભરતસિંહજી સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલાએ સંયુક્ત પ્રયાસો આદર્યા છે. જેના ભાગરૂપે કોંગ્રેસ કાર્યકરોને નવી ઉર્જા પુરી પાડવા કલોલના બળદેવજી ઠાકોરને પ્રદેશ કક્ષાએ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન બનાવીને ગાંધીનગર જિલ્લા કોંગ્રેસને ગૌરવ અપાવ્યું છે.

શ્રી બળદેવજી ઠાકોરને પ્રદેશ કક્ષાએ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેન બનાવવાથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. કૌશિક શાહ, પ્રદેશ મહામંત્રીશ્રી નીશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તાશ્રી હિમાંશુ પટેલ, પ્રદેશ મંત્રીશ્રી બાબુસિંહ ઠાકોર વિગેરે આગેવાનો અને કાર્યકરોએ ઉક્ત નિમણુંકને આવકારી અભિનંદન પાઠવ્યા છે. કોંગ્રેસ પક્ષના ઓ.બી.સી. વિભાગના નવનિયુક્ત કાર્યકારી ચેરમેનશ્રી બળદેવજી ઠાકોર (ધારાસભ્યશ્રી)એ જણાવ્યું કે આગામી સમયમાં બક્ષીપંચ સમુદાયના હક્ક અને અધિકાર, જાગૃતિ માટે વિભાગીય સંમેલનોનું આયોજન કરવામાં આવશે.

પ્રધાનમંત્રીના વચનોના અમલની રાહમાં પ્રજા સ્ટેન્ડ-અપ જ છે : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા વચનોની તેઓ અમલવારી કરે તેની રાહ જોતા દેશની પ્રજા સ્ટેન્ડઅપ ઈન્ડિયાની સ્થિતિમાં ઉભા છે એમ ગુજરાતના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવીને વડાપ્રધાન ઉપર આકરા પ્રહારો કર્યા હતા.

સ્વાતંત્ર્ય પર્વ ૧૫મી ઓગષ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલ પ્રવચન અંગેની આકરી ટીકા કરતાં ગુજરાતના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે વડાપ્રધાને ૧૫મી ઓગષ્ટે કરેલ ભાષણ હતાશાજનક અને સામાન્ય નેતાનું કોઈ ગલીમાં ચૂંટણીલક્ષી પ્રવચન હોય તેવુ નિમ્નસ્તરનું ભાષણ હતું.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાને દેશની પ્રજાને અનેક વચનો આપેલ અને જાહેરાતો કરેલ. પરંતુ વડાપ્રધાને દેશની પ્રજાને નિરાશ કરી છે. ભાતભાતના સૂત્રો આપીને દેશની જનતાને છેતરવામાં હોંશિયાર છે. તમે સ્ટાર્ટ અપ ઈન્ડિયા સ્ટેન્ડ અપ ઈન્ડિયાની જે વાતો કરી એમાં ઈન્ડિયાની



આઝાદી પછી છેલ્લા ૬૮ વર્ષથી ઈન્ડિયા સ્ટાર્ટ અપ ઈન્ડિયા જ છે. અને આખો દેશ તમે કરેલા ભાષણોમાં કરેલી જાહેરાતોની પુરતી થાય, અમલવારી થાય તેની રાહ જોતા દેશની પ્રજા સ્ટેન્ડ અપ ઈન્ડિયાની સ્થિતિમાં ઉભી છે.

વડાપ્રધાને મેક ઈન્ડિયા ટીમ ઈન્ડિયાનું જે સૂત્ર આપેલું એમાં ટીમ ઈન્ડિયામાં ક્રિકેટની બુ આવે છે. તમને ન.મો.ને બદલે લ.મો.ની એન્ટ્રી દેશમાં મીડીયાના માધ્યમથી થઈ તે તમને ગમ્યુ ન હતુ. દેશની પ્રજાની ઈચ્છા છે કે લમોને તમે ભારતમાં લાવો પછી જમો. મેક ઈન્ડિયાનું સૂત્ર આપનાર દેશના વડાપ્રધાન તમે તમારો સૂટ અને બુટ પણ વિદેશના પહેરો છો. પછી મેક ઈન્ડિયાની અસર ક્યાંથી થાય.

તેમણે જણાવ્યું હતું કે દેશની જનતાના સ્વપ્નો પુરા કરવા માટે દેશના વહિવટ ઉપર ધ્યાન રાખવું જોઈએ તેના બદલે આ એન.આર.આઈ. વડાપ્રધાન યુ.એ.ઈ. ઉપડી ગયા. અત્યાર સુધીમાં લગભગ ૨૭ જેટલા દેશોની મુલાકાત લીધી છે અને કોઈપણ વડાપ્રધાન આટલા વર્ષોમાં આ દેશની ધરતી પર ગયા નથી એવી વાતો વિદેશની ધરતી પર કરીને આપણા દેશનું નીચા જોવાપણું કર્યું છે.

માણસા તાલુકાની બી.એ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે મહિલા સશક્તિકરણ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પરબતપુરા, ધોળાકૂવા ગામમાં સંતાન તરીકે એક દીકરી હોય તેવી માતાઓનું કુમકુમ તિલક કરી, મોં મીઠુ કરાવી, ફૂલછડી આપી અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી.

એલાયઝા ટેસ્ટ એ ડેન્ગ્યુનું સચોટ નિદાન છે

ગાંધીનગર, તા. ૧૮.

ડેન્ગ્યુની તપાસ માટે જુદી જુદી પદ્ધતિ જાણીતી છે. જેમાં કાર્ડ ટેસ્ટ (પેપર ક્રોમેટોગ્રાફી) જેમાં NIC, IGM અને IGG ડેન્ગ્યુના ટેસ્ટ થાય છે. બીજી પદ્ધતી છે ELISA (એલાઈઝા)જે ખુબજ સેન્સીટીવ (સચોટ) છે અને ગર્વનમેન્ટ માન્ય છે. જે ગાંધીનગરમાં શ્રદ્ધાદીપ ગ્રીનકોસ લેબોરેટરીમાં જ થાય છે.

પેપર ક્રોમેટોગ્રાફીનો રીપોર્ટ માત્ર ૧૫-૨૦ મિનિટમાં તૈયાર થઈ જાય છે. કાર્ડ ટેસ્ટ એ સ્ક્રીનીંગ ટેસ્ટ હોવાથી ૧૦૦ ટકા રીલાયેબલ નથી. જ્યારે ELISAનો રીપોર્ટ તૈયાર થતા ૩ થી ૪ કલાક લાગે છે. જેના રીપોર્ટની ગુણવત્તા મહત્તમ છે.

PCR પદ્ધતીથી ડેન્ગ્યુની તપાસ શક્ય છે. જે ગાંધીનગમરાં ક્યાંય અવેઈલેબલ નથી જે ઘણીજ ખર્ચાળ છે અને રીપોર્ટ તૈયાર થતા બે દિવસ લાગે છે.

ઉદ્યોગભવન સોસાયટીમાં જાહેર નિવિદા વિના કામો : ચહીતી એજન્સીને કામ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત ઉદ્યોગભવન સોસાયટી દ્વારા તોતિંગભવનમાં પાણી, વીજળી અને લિફટના આનુસંગિક કામો જાહેર નિવિદા વિના મનસ્વી રીતે ચહીતી એજન્સીને આપી દેવાતા હોવાનો આક્રોશ પ્રર્વત્યો છે. ઉચ્ચ અધિકારીઓની મીલી ભગતથી આર્થિક ફાયદો લેવાના બદઈરાદે નિયમો નેવે મુકી ભ્રષ્ટનીતિ અપનાવાતી હોવાનો ગણગણાટ પણ સ્થાનિક કોન્ટ્રાકટરોમાં ઉઠવા પામ્યો છે.

શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવનના વિશાળ કાય બિલ્ડીંગમાં સમયાંતરે વોટર સપ્લાય અને ઈલેકટ્રીક વર્ક માટે જરુરી કામો હાથ ધરવામાં આવે છે. પરંતુ ઉદ્યોગભવનમાં લીફટ ઉપરાંત સફાઈ વ્યવસ્થા સહીતના કામોને અનુલક્ષી મનસ્વી રીતે પસંદગીની એજન્સીને જ કામ સોંપી દેવાતા આર્થિક કૌભાંડ થતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. ઉદ્યોગ ભવન સોસાયટીમાં નિયમ મુજબ પ્રક્રીયા હાથ ધર્યા વિના જાહેર નિવિદા વગર જ ચહીતી એજન્સીઓને કામ આપી દેવાય છે. જયારે આ ભ્રષ્ટનીતિમાં ઉચ્ચ અધિકારીઓ પણ સંડોવાયેલા હોવાનો ગણગણાટ પ્રર્વત્યો છે. સફાઈની કામગીરીને લઈને પણ યેનકેન પ્રકારે બીજી એજન્સીઓને ગેરલાયક ઠેરવી સાંઠ ગાંઠવાળી એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યું હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સફાઈના મામલે હાથ ધરાતી ટેન્ડર પ્રક્રીયામાં મનસ્વી શરતો રાખી નિયમ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. ઉદ્યોગભવન સોસાયટીના સભ્યસચિવ પદે પણ છેલ્લા બે વર્ષથી નોનટેકનિકલ અધિકારી ફરજ બજાવે છે. ઉદ્યોગભવનમાં જાળવણીના વિવિધ કામોમાં તોતિંગ ભ્રષ્ટાચાર થતો હોવાનો ગણગણાટ પણ સ્થાનિક કોન્ટ્રાકટર લોબીમાં પ્રર્વત્યો છે.